<u>અગત્યનું</u>

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/3780-381
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.03/08/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 1637
શાખાનું નામ: માધ્યમિક
તારીખ: 5/8/21
સહી:

વિષય :- ધોરણ-10ના ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકના પ્રશ્નપત્ર પરિરૂપ બાબત.

સંદર્ભ :- 1) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2019/2046-80, તા.04/06/2019
2) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:મશબ/1119/857/છ, તા.14/07/2021.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-(2) દર્શિત શિક્ષણ વિભાગના ઠરાવથી જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ-2021-22થી ધોરણ-10 ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક એમ બે પ્રકારના પ્રશ્નપત્રોના વિકલ્પ આપવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવમાં જણાવ્યા મુજબ ધોરણ-10નું ગણિત વિષયનું પાઠયપુસ્તક એક સરખું જ રહેશે. શાળા કક્ષાએ કે વર્ગખંડ કક્ષાએ આ અંગેની શૈક્ષણિક પદ્ધતિમાં કઈ ફેરફાર કરવાનો રહેશે નહી. ધોરણ-10ના ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકના પ્રશ્નપત્ર અલગ-અલગ રહેશે. બંને પ્રકારના પરિરૂપમાં પ્રકરણવાર ગુણભાર, પ્રશ્નોના પ્રકાર પ્રમાણે ગુણભાર તેમજ હેતુઓ પ્રમાણે ગુણભાર અલગ-અલગ રાખવાના રહેશે. ઉક્ત ઠરાવની નકલ અત્રેથી તા.14/07/2021ના રોજ આપને જાણ સારું તથા આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જરૂરી કાર્યવાહી કરવા સારું મોકલી આપવામાં આવેલ છે.

સંદર્ભ-(1) દર્શિત પત્ર અન્વયે અત્રેની કચેરી દ્વારા શૈક્ષણિક વર્ષ-2019-20થી અમલી બનેલ પરીક્ષા પદ્ધતિ મુજબ ધોરણ-10 ગણિત વિષયનું પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર, બ્લ્યુપ્રિન્ટ અને નમૂનાનું પ્રશ્નપત્ર તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓને તેમના જિલ્લાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવામાં આવેલ છે. ઉક્ત ધોરણ-10 ગણિત વિષયનું પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર, બ્લ્યુપ્રિન્ટ અને નમૂનાનું પ્રશ્નપત્ર

E:\HK-\2 ગણિત\Std-10બે પ્રકારના પ્રશ્નપત્રો બાબત.docx

શૈક્ષણિક વર્ષ-2021-22થી ધોરણ-10ની પરીક્ષા માટે ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ તરીકે ગણવાનું રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ-2021-22થી ધોરણ-10ની પરીક્ષા માટે ગણિત વિષયમાં ગણિત બેઝિક માટે પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર, બ્લ્યુપ્રિન્ટ અને નમૂનાનું પ્રશ્નપત્ર તજજ્ઞો દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂ મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને

પરિપત્ર. નં. 753

ક્રમાંક:પરીક્ષા/ધો-૧૦/ગણિત/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૨૬/૦૭/૨૦૨૧

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ શાળા તમામ-અમરેલી
જિ-અમરેલી

E:\HK-12 ગણિત\Std-10બે પ્રકારના પ્રશ્નપત્રો બાબત.docx